## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



જો ટીવીમાં શું કહે છે તે ધ્યાનથી સાંભળજો... દિવા, થાળી પછી ધોકાવાળી થઈ હતી... યાદ છે ને...??

# રવી સિઝનની લણણી કાપણીના સમયમાં મજૂરો વતન ભણી જતાં ખેત મજૂરોની ભારે અછત, ખેડૂતો હાર્વેસ્ટર મશીનના સહારે

ચિલોડા પંથકમાં ચાલુ સાલે રવી સિઝનમાં ઘઉં-એરંડા અને શાકભાજીનું સારા પ્રમાણમાં વાવેતર કર્યુ હતુ. ત્યારે વિશ્વ કોરોના વાયરસની મહામારીની ઝપટમાં વિશ્વ પોતાના ઘરોમાં કેદ થતાં લોકડાઉનની સ્થિતિમાં ખેતપેદાશોની લણણી કાપણીના ખરા સમયે શ્રમજીવીઓ માદરે વતન જતા રહેતાં વાહનવ્યવહાર બંધ, બજારો બંધના કારણે તેમજ કુદરતી માવઠાની કહેરથી ખેડૂતોના મોંમાં આવેલો કોળિયો છીનવાઈ જવાની દહેશત વચ્ચે હાલમાં ખેડૂતોના ઘરોમાં ખેતપેદાશોનો જથ્થો વેચાણ વિના પડી રહ્યો છે. ખેડૂત પરિવારોની હાલત કફોડી બની છે. ખેતમજૂરો વિના ખેતીકામ કરવું મુશ્કેલ બન્યું છે. મજૂરોની ખેંચથી ખેડૂતોને મુશ્કેલી વેઠવી પડે છે. ઘઉં અને એરંડાનો તૈયાર પાક થવાના દિવસો અંતિમ તબક્કામાં હોવાથી પરપ્રાંતિય પંજાબથી આવેલા હાર્વેસ્ટર મશીન કામે લગાડવાનો વારો આવ્યો છે.

# કોલવડા ગામમાં એક કોરોના પોઝિટીવ આવતાં જિલ્લા વિકાસ અધિકારી આર. આર. રાવલે ગામની મુલાકાત લીધી

દર્દીના ઘરની આસપાસનો તમામ વિસ્તાર લોક ડાઉન કરવા, ગામમાં આયુર્વેદ ઉકાળાનું વિતરણ

ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી એસ.એમ.ભોરણિયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર

વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ.

માહિતી મેળવ હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ મેડિકલ ઓફિસર અને આરોગ્યની ટીમને

તમામ વિસ્તારને સંપૂર્ણ ક્ષ્ડ્ડાહ્યુંહ કરવા સરપંચ અને તલાટી કમ મંત્રી શ્રીને રૂબરૂ સૂચના આપવામાં



કરવા, સેનિટાઈઝેશન કરવા ની સૂચના આપતાં ડી.ડી.ઓ.

ગાંધીનગર શહેરની નજીક આવેલા કોલવડા ગામમાં આજે એક ૫૩ વર્ષીય મહિલાને કોરોના પોઝિટિવ આવ્યો હોવાનું માલૂમ પડતાં જિલ્લા વહીવટી તંત્રએ યુધ્ધના ધોરણે ગામમાં જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી, તેવું ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણીયાએ જણાવ્યું છે.

શહેરને અડીને આવેલા કોલવડા ગામમાં એક મહિલાને કોરોના પોઝિટીવ આવ્યો છે, તેવું માલૂમ પડતા જ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ જિલ્લાની આરોગ્ય અને સંબંધિત ટીમો દ્વારા પોતાની કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી હતી.

સમગ્ર કામગીરી સુચારું રીતે થાય તે માટે ગાંધીનગર જિલ્લા ભોરણીયા અને તાલુકા વિકાસ અધિકારીશ્રી ગાંધીનગર, જી.એ.ધાંધલીયા એ કોલવડા ગામ ની રૂબરૂ મુલાકાત લીધી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે મુલાકાત દરમિયાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર અને મેડિકલ સ્ટાફ પાસેથી દર્દીની ટ્રાવેલ હિસ્ટ્રી, સંપર્કમાં આવેલ લોકો, દર્દીની હાલની સ્થિતિ અંગે સઘન અને ગુણવત્તાયુક્ત હાઉસ ટુ હાઉસ સર્વે કરવા તથા આજુબાજુના વિસ્તારના લોકોને તાત્કાલિક ર્દ્દી ક્વોરેન્ટાઈન કરવા સૂચના આપી હતી. વધુમાં સર્વે દરમિયાન શંકાસ્પદ લક્ષણો ધરાવતા વ્યકિતઓ સંદર્ભે તાત્કાલિક આગળની કાર્યવાહી કરવામાં આવે એ અંગેની સૂચના આપી હતી.

દર્દી ના ઘરની નજીક ના આવી હતી. સમગ્ર ગામમાં દિવસ દરમિયાન એક વખત સેનિટાઈઝેશન કરવામાં આવે, ગામમાં દરેક ઘરે આયુર્વેદિક ઉકાળા નું વિતરણ થાય, સ્વચ્છતા ઝુંબેશ કરવામાં આવે અને ચુસ્ત રીતે lockdown પાલન થાય તથા હવે કોલવડા ગામ માં આ એક કેસ નોંધાયા બાદ બીજો કેસ ન નોંધાય તે અંગે સંપૂર્ણ તકેદારી રાખવા સરપંચશ્રી, તલાટી કમ મંત્રીશ્રી અને હાજર રહેલ મેડિકલ ઓફિસરને તાકીદ કરવામાં આવી હતી. ગામલોકો મા આ બાબતે જનજાગૃતિ ફેલાય તે માટે IEC Activity હાથ ધરવા જણાવ્યું હતું.

## ખૂણેખાંચરેથી

- ત્રીજી મે સુધી લોકડાઉન લંબાવવાની પ્રધાનમંત્રીની ઘોષણા પછી રાજ્ય સરકારે આવશ્યક સેવા સિવાયની તમામ સેવાઓ ૩ મે સુધી મોકુફ રાખવામાં આવી હોવાની જાહેરાત સાથેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરેલ છે.
- ગાંધીનગર શહેરમાં આજે લોકડાઉનના અમલને લઈ તંત્રએ કડક થઈ કામગીરી હાથ ધરી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે પણ એ.પી.એલ.-૧ના કાર્ડધારકોને અનાજની કીટનું વિતરણ ચાલુ રહ્યુ હતુ.
- ગાંધીનગર (ઉ) ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ અયોધ્યામાં અટવાયેલા ગુજરાતી પરિવારોને પાછા લાવવાની વ્યવસ્થા કરવા મુખ્યમંત્રી રૂપાણીને પત્ર લખ્યો છે.
- ગાંધીનગર શહેરમાં આજે પણ ૭૭ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું મનપાએ જણાવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં વીજમાંગ અને પેયજળની માંગમાં ગરમીની વૃદ્ધિની સાથે વધારો થવા પામ્યો છે.



## રાજસ્થાન સમાજ દ્વારા દરરોજ ૧૫૦૦થી વધુને બે ટંકની ભોજન સેવા

ગાંધીનગરમાં રહેતા રાજસ્થાની નાગરિકોની સંસ્થા રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ તથા ઘ-૫ ચોપાટી ફુડકોર્ટના જય જલારામના સંયુકત ઉપક્રમે કોરોના કટોકટીના લૉકડાઉનમાં દરરોજ ૧૫૦૦થી વધુ જરૂરિયાતમંદ શ્રમજીવીઓને સવાર-સાંજ બે ટંકનું ભોજન પુરું પાડવામાં આવી રહ્યું છે. આ સેવા ઘ-૫ ચોપાટી ખાતેથી ચલાવવામાં આવે છે જે દરરોજ રોટલી-શાક, પુલાવ, ચણાપુરી, ખિચડી, પાંવભાજી જેવી અલગ અલગ વાનગી બનાવી તેને સ્વયંસેવકો દ્વારા શહેરના સેકટર-૧૬, ઘ-૬ સર્કલ નજીક સે-૨૮ બગીચા વિસ્તાર, સે-૨૯, સે-૩૦ નમસ્તે સર્કલ તથા સે-૨૦માં અક્ષરધામ પાછળની વસ્તીમાં જરૂરિયાતમંદોને રૂબરૂ જઈને પીરસવામાં આવે છે. સેવાકાર્યમાં રાજસ્થાન સમાજના અગ્રણીઓ તથા દાતાઓ જે.પી. ભાઈ, લાલભાઈ, રાજેન્દ્રસિંહ, તુલસીભાઈ માલી, નિલેશભાઈ ઠકકર, અશોકભાઈ રાઠોડ, ભરતભાઈ તેલી, અશોકભાઈ તેલી, નરેશભાઈ તેલી, જીતુભાઈ રાદડીયા, તાઉજી રમેશભાઈ, નયનભાઈ રાવલ, સોનુભાઈ, રોશનભાઈ, વિનોદભાઈ તેલી તથા દિનેશભાઈ મોદી વગેરે તન-મન-ધનથી સેવા આપી રહ્યા છે.

# ઈન્દ્રોડા પાર્કમાં કામ કરતા રોજમદારો રામભરોસે, માસ્ક-સેનેટાઈઝર નહીં

ગાંધીનગર તા ૧૪

કોરોનાની મહામારીના સંજોગો વચ્ચે પ્રધાનમંત્રીના આદેશ મુજબ સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવવા ઉપરાંત માસ્ક પહેરવાનુ ફરજિયાત છે. હાલ લોકડાઉનની સ્થિતિ વચ્ચે આવશ્યક સેવા બદલ કેટલાક કર્મચારીઓને ફરજ સોંપવામાં આવે છે. શહેરના ઈન્દ્રોડા પાર્કમાં પણ રોજમદારો મજુરો આવશ્યક સેવાના ભાગરૂપે ફરજ બજાવે છે. પરંતુ આ રોજમદારોને સરકારની ગાઈડલાઈન મુજબ જરૂરિ માસ્ક તેમજ સેનેટાઈઝર સહીતના સાધનો પુરા પાડવામાં આવતા નથી.

કોરોનાના કહેર વચ્ચે સમગ્ર વિશ્વમાં મહામારીના સંજોગોમાં ભારતમાં પણ છેલ્લા ૨૧ દિવસથી લોકડાઉન જાહેર કરાયુ છે. જયારે આજે પણ પ્રધાનમંત્રીએ લોકડાઉનનો સમયગાળો વધારી દીધો છે. કોરોનાના રોગચાળાને વધુ ફેલાતો અટકાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે પાટનગરમાં રોજમદારો તેમજ કાયમી કર્મચારીઓને આવશ્યક સેવાના ભાગરૂપે ફરજ પર બોલવામાં આવે છે. વન વિભાગ સંચાલિત ઈન્દ્રોડા પાર્કમાં પણ કાયમી અને રોજમદારોને ફરજ પર છે. પરંતુ આ રોજમદારોના આરોગ્યની કોઈ ચિંતા ન થતી હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. કોરોનાની મહામારી વચ્ચે પણ આ મજુરોને માસ્ક, સેનેટાઈઝર , હાથના મોજા સહીતની જરૂરી સુવિધા પુરી પાડવામાં આવતી નથી. સરકારની ગાઈડલાઈનુ પાલન ન થતુ હોવાનો રોષ પણ વ્યકત થઈ રહ્યો છે. પાર્કમાં કામ કરતા મજુરો અને રોજમદારોનુ આરોગ્ય રામભરોસે છે. આ રોજમદારોને કોરોના સંક્રમણથી બચાવવા માટે જરૂરી રક્ષણ માટેના પરિબળો યોગ્ય કરવા પણ સુર ઉઠવા પામ્યો છે.

## કોલવડા ગામની સીમમાં જુગાર રમતા ૫ જુગારી ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા કોલવડા થી પુન્દ્રાસણ ગામ તરફ જતા કાચા માર્ગ પર જાહેરમાં ખુલ્લી જગ્યામાં જુગાર પાંચ શકુનીઓ ઝડપાયા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૫૨,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પેથાપુર પોલીસના જવાનો લોકડાઉનને પગલે પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે કોલવડા ગામ તરફ ગયા હતા. ત્યારે પેટ્રોલીંગમાં સાથે રહેલા પોલીસ જવાનને બાતમી મળી હતી કે કોલવડાથી પુન્દ્રાસણ ગામ તરફ જતા માર્ગ પર ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. પોલીસે સ્થળ પર રેઈડ પાડીને જુગાર રમતા દશરથજી જવાનજી ઠાકોર રહે. પગીવાસ કોલવડા, રાવતકુમાર કિશનલાલ સોલંકી રહે, સેકટર-૧૩ એ પ્લોટ નં૬૩૫-૧, હિતેશકુમાર બાબુભાઈ પટેલ રહે.સે-૧૪ એમ ૯-૯૭, મનિષકુમાર સોમાભાઈ રાવળ રહે.સે-૧૬ ૧૩૦-૨ છ ટાઈપ, વિક્રમ સોમાભાઈ રાવળ રહે.કુબેરનગર વાવોલ નો સમાવેશ થાય છે. પોલીસે ૨૮૫૦ તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન ૨૯,૮૦૦ મોબાઈલા-૪, ૨૦,૦૦૦ મળી કુલ રૂ.૫૨,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગાર ધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કોરોનાને હરાવવા જિલ્લાવાસીઓની ધીરજ હજુ ખૂટી નથી

ગાંધીનગર, તા. ૧૪

સમગ્ર દેશમાં આજથી તા.૩ મે, ૨૦૨૦ સુધી લોક ડાઉનના સમયે વધારવામાં આવ્યો છે. ગાંધીનગર શહેરમાં તા. ૨૪મી માર્ચથી અમલી બનેલા લોકડાઉન થકી નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ ઘટાડી શકાયું છે. તે ઉપરાંત ગાંધીનગર શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં પણ લોકડાઉનની અસરકારક અમલવારી સ્વયંમૂ જોવા મળી છે. આજે લોકડાઉનના ૨૧મા દિવસે પણ લોકડાઉનને એટલું જ લોકોનું સમર્થન છે. આ માહોલ પછી એમ લાગે છે કે કોરોનાને હરાવવા જિલ્લાવાસીઓની ધીરજ હજુ ખૂટી નથી.



ગાંધીનગર જિલ્લાના ગામડાઓ સહિત શહેરી કક્ષાએ ન ભૂતો ન ભવિષ્યમાં જોવા મળે તેવા અનેક દૃશ્યો ૨૨ મી માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અપીલ થકી સમગ્ર જિલ્લામાં લોકોએ એક દિવસ ઘરમાં રહ્યાં હતા. સાંજે ૫ કલાકે કયારે ન કલ્પી હોય તેવી શંખનાદ, થાળી, ઘંટનાદ અને ધ્વનિ થકી અવાજ કરીને લોકોએ ગાંધીનગરના ઈતિહાસમાં આ દિવસને ઉજાગર કરી દીધો હતો. ૨૩મી એપ્રિલના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારને શટડાઉન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨૪મી માર્ચથી ૨૧ દિવસનું લોક ડાઉન સમગ્ર દેશ સહિત ગુજરાત રાજયમાં અમલી કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં લોક ડાઉનની અમલવારી દરમ્યાન નિયમિત રીતે જિલ્લા વાસીઓને શાકભાજી, દૂધ, દવા અને અન્ય જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ સુચારું રીતે મળી રહે તેવી વ્યવસ્થા જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવી હતી. તે ઉપરાંત સમગ્ર જિલ્લામાં શાકભાજી અને દૂધનો સપ્લાય નિયમિત રીતે સામાન્ય નાગરિકને મળી રહે તે માટે શાકભાજીના હોલસેલ માર્કેટ ચાલું રખાયા. તેમજ તેની સાથે સાથે લોકો ઘરમાં રહે સુરક્ષિત રહે' તે માટે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા લોક ડાઉનની કડક અમલવારી શરૂ કરી હતી. માર્ગો પર બિન જરૂરી રીતે ફરવા નીકળી પડતાં લોકો સામે પોલીસે ના છુટકે લાલ આંખ કરી હતી. તો એક બાજુ આ પોલીસ જવાનોનું પ્રેમાળ સ્વરૂપ પણ ગરીબ પરિવારના લોકોને ભોજન આપતાં ફોટોઓ અને વિડિયો થકી ઉજાગર થયું હતું. તેની સાથે માર્ચ પાસ્ટ યોજીને ગાંધીનગર જિલ્લા પોલીસ થકી કોરોના અંગેની જાગૃતિ લાવવા અને લોક ડાઉનની અસરકારક અમલવારી કરવાની સૂચના આપી હતી. તેમજ લોક ડાઉન કડક રહે તે માટે ડ્રોનની મદદ પણ પોલીસે લીધી છે.

તો બીજી બાજુ પરપ્રાંતના નાગરિકોને રહેવા માટે ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ત્રણ સેલ્ટર હોમ ખોલવામાં આવ્યા હતા. ત્યાં આજે પણ મોટી સંખ્યામાં પરપ્રાતિયા શ્રમિકો રહી રહ્યાં છે. તેમજ અનેક સેવાભાવી સંસ્થાઓએ લોકડાઉનની અસરકાર અમલવારીને સહકાર આપવા માટે આગળ આવી હતી. આવી સંસ્થાઓ દ્વારા ગરીબોને બે ટંકનું ભોજન આપવામાં આવ્યું તો ઘરમાં એકલવાયું જીવન જીવતા સિનિયર સીટીઝન્સને બે ટંકનું ભોજન ઘરે પહોંચતું કરવા મદદરૂપ બની રહી છે.



આ સાથે ગાંધીનગર જિલ્લાના ડૉકટર, નર્સ, પેરામેડિકલ કર્મીઓ સહિત અન્ય આરોગ્યના અધિકારીઓ અને કર્મયોગીઓએ સતત પોતાની ચિંતા કર્યા સિવાય નાગરિકોના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપ્યું છે. સતત નાગરિકોની સેવા કરતાં આરોગ્યના કર્મીઓ આજે કોરોના સામેના જંગના ખરા સેનાપતિ કહી સંબોધી રહ્યાં છે. તે ઉપરાંત સફાઈ કર્મીઓ પણ કોરોના સામેના યુધ્ધની સેનાના ખરા સૈનિકો સાબિત થયા છે.

# સે. ૭માં વૃદ્ધનું અવસાન થતાં નનામીને કાંધ આપવા ચાર ડાઘુઓ એકઠા કરવા ફાંફા પડી ગયા..!!

ગાંધીનગર, તા. ૧૪

એક તરફ શહેરમાં કોરોના કટોકટીના પગલે લોકડાઉનનો ચુસ્ત અમલ કરવામાં આવી રહ્યો છે અને તેના માટે નાગરિકોની બિનજરૂરી અવરજવર તો ઠીક પરંતુ સ્મશાને જતા ડાઘુઓની સંખ્યા પણ મર્યાદિત રાખવા નિર્દેશ આપી દેવાયાં છે જેથી સોશિયલ ડિસ્ટન્સિગ જળવાઈ રહે અને કોઈના મૃત્યુ જેવા કરૂણ પ્રસંગે કોરોનાને પ્રસરવાનો મોકો ના મળે. જો કે બીજી તરફ પાટનગરમાં આજે એક એવું મૃત્યુ થયું હતું જેમાં અવસાન પામનારની નનામીને કાંધ આપવા માટે ચાર વ્યક્તિ એકઠાં કરવા પણ અઘરાં પડી ગયાં હતા અને માંડ માંડ એકઠાં થયેલા ચાર ડાઘુઓએ દિવંગતના દેહને સ્મશાને પહોંચાડી તેમની અંતિમ ક્રિયાની વ્યવસ્થા ગોઠવી માનવતાને મહેકાવી હતી.

શહેરના સેકટર-૭-ડીમાં રહેતા એક પરપ્રાંતિય પરિવારના આશરે ૮૦ વર્ષીય મોભી ઓમકાર ગોહેલ જેઓ લાંબા સમયથી કિડની અને હૃદયરોગના દર્દી હતા જેમનું આજે વહેલી સવારે હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું હતુ. તેમના ઘરમાં તેમનો પુત્ર અને માતા તથા પુત્રવધુ હતા પરંતુ આ પરિવારને નજીકમાં અન્ય કોઈ સગાવ્હાલા ના હોવાથી તેમજ આડોશી-પાડોશી સાથે પણ ખૂબ જ ઓછો ભળવાનો વ્યવહાર હોવાથી અને તેમાં વળી કોરોના સંક્રમણની ભીતિ હોવાને પગલે કોઈ વ્યક્તિ આવ્યાં નહોતા. આ સમયે તેમની સામે રહેતા સેવાભાવી નાગરિક કિરીટ પારધીએ માનવતાના ધોરણે એ પરિવારને જેને ગાંધીનગરમાં અંતિમક્રિયા માટેનો સામાન ક્યાંથી મેળવવો તે પણ ખબર ના હોવાથી મદદે આવી જુનિયર સિટીઝન કાઉન્સિલમાંથી અંતેષ્ઠીના સામાનની તથા શબવાહિનીની વ્યવસ્થા ગોઠવી હતી. આ પછી દિવંગત ઓમકાર ગોહેલના પુત્ર અને કિરીટ પારધી બે જ વ્યક્તિ હતા જેમાંથી પુત્ર તો દોણી પકડે પરંતુ કયા ચાર ડાઘુ નનામીને કાંધ આપશે તેનો પ્રશ્ન સર્જાયો હતો. છેવટે કિરીટ પારધીએ પોતાના ઓળખીતા ૩ પડોશી મિત્રોને વિનંતી કરી બોલાવ્યાં જેમાં ડૉ. દિનેશ પટેલ, મહેન્દ્ર પટેલ અને વડીલ વયના કેશવગીરી ગોસ્વામીએ આવીને નનામીને કાંધ આપી હતી અને છેવટે આ પાંચ વ્યક્તિઓએ મળીને ઓમકાર ગોહેલના દેહને મુક્તિધામ સુધી લઈ જઈ તેમની અંતિમ ક્રિયા સંપન્ન કરી હતી. આ પ્રસંગે મુક્તિધામના કર્મચારીઓ તથા મૃતકના પરિવારજનોએ કિરીટ પારધીની સેવા ભાવનાને બિરદાવી તેમનો આભાર માન્યો હતો.

# માર્કેટયાર્ડ અને અનાજયાર્ડ આજથી પુનઃ કાર્યરત કરાશે

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં તા. ૧૫ એપ્રિલ-૨૦૨૦ બુધવારથી અનાજ માર્કેટ યાર્ડ બજાર સમિતિઓ પૂનઃ કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે. પ્રવર્તમાન કોરોના વાયરસને પગલે જાહેર થયેલા લોકડાઉનની સ્થિતીમાં રાજ્યભરના માર્કેટયાર્ડ-ખેતીવાડી બજા ઉત્પન્ન સમિતિઓ બંધ હતી તે હવે સ્થાનિક પરિસ્થિતી અને સુદ્રઢ આયોજન અનુસાર ફરી શરૂ કરી દેવાના દિશાનિર્દેશો તેમણે આપ્યા છે. આ માર્કેટયાર્ડ – બજાર સમિતિઓના સંચાલન અને કામકાજમાં સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય અને કોરોના વાયરસનું સંક્રમણ થાય તેની ખાસ તકેદારી રાખવાની પણ સુચનાઓ આપવામાં આવી છે. આ હેતુસર જિલ્લા કક્ષાએ જિલ્લા રજિસ્ટ્રારની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની સમિતીની રચના કરવામાં આવી છે. મુખ્યમંત્રીના આ નિર્ણયની ભૂમિકા મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આપી હતી. તેમણે કહ્યું કે, લોકડાઉનના સમયગાળામાં રવિ સિઝન બાદ ખેડૂતોને પડી રહેલા ખેત ઉત્પાદનોના કારણે આર્થિક સંકડામણ ભોગવવી પડતી હતી. તદઉપરાંત રાજ્યના નાગરિકોને જીવનજરૂરી ચીજવસ્તુઓ પણ આ બજાર સમિતિઓ માર્કેટયાર્ડના માધ્યમથી મળતી રહે તેવા હેતુથી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની રાજ્યના માર્કેટયાર્ડ સંચાલકો સાથે યોજાયેલી બેઠકની ફલશ્રુતિરૂપે મુખ્યમંત્રીએ આ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીના સચિવે વધુ વિગતો આપતાં કે, જિલ્લાકક્ષાની સમિતિ માર્કેટ શરૂ કરવાના તમામ આયોજનની ખાતરી કર્યા બાદ તારીખ નક્કી કરીને માર્કેટયાર્ડ ચાલુ કરાવશે. બજાર સમિતિએ ખરીદીની પ્રક્રીયા માટે અગાઉથી જ ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમજ ત્યાર બાદ તારીખ અને વાર મુજબ નિશ્ચિત કરેલી સંખ્યામાં ખેડૂતોને માર્કેટ યાર્ડમાં વેચાણ માટે બોલાવવાના રહેશે.



## રીંગણાનો પાક ભોજન સેવા કેન્દ્રને આપી દેતા ખેડૂતભાઈઓ

કોરોના કટોકટીમાં શહેર સહિત ગામેગામ કરૂણાની સરવાણીઓ વહેવા લાગી છે અને એજ તો આ ભારત દેશની અસલી તાસીર છે કે જયારે કોઈ આપત્તિ દેશ પર આવી પડે છે ત્યારે આપણે આપણાં કરતા બીજાનો કે નબળા વર્ગનો પહેલો વિચાર કરીએ છીએ. ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામના એક ખેડૂત પરિવારે પોતાનું શાકભાજીનું ખેતર જરૂરિયાતમંદો માટે ખુલ્લું મુકી દીધું છે. ત્યારે તે જ ગામના બીજા એક ખેડૂત પરિવારે પોતાના ખેતરમાં પાકેલ રીંગણાનો તમામ પાક અડાલજના અંબાપુર રોડ પરના પરચાધામ ખાતે ચાલી રહેલા ભોજન સેવા કેન્દ્રને દાનમાં આપી દીધા હતા. આ સેવા કેન્દ્ર પરથી દરરોજ આશરે ૩ હજારથી વધુ જરૂરિયાતમંદોને ભોજન પુરું પાડવામાં આવે છે. આ સેવા કેન્દ્રને રીંગણાનો પાક દાનમાં આપનાર ટીંટોડાના લાલભા ગોવિંદજી ઠાકોર અને પ્રકાશ ગોવિંદજી ઠાકોર નામના બંને ખેડૂતભાઈઓ અગાઉ કોરોના પોઝિટિવ કેસ મળ્યો છે તે રાંચરડા ગામે રીંગણાનો પાક દાન કરી આવ્યા હતા... સલામ છે તેમની સેવા ભાવનાને...!!